# Brief Note Regarding Grade Pay Committee

પોલીસ કોન્ટેબ્યુલરી સંવર્ગના કર્મચારીઓની વિવિધ માંગણીઓ પર વિચારણા કરવા માટે ગૃહ વિભાગના ઠરાવ ક્રમાંક મહક/૧૦૨૦૨૧/૩૧૧૨/સ, તા.૨૮/૧૦/૨૦૨૧થી નીચે જણાવ્યા મુજબ સમિતીનું ગઠન કરવામાં આવેલ છે.

| અનુ નં. | અધિકારીશ્રીનું નામ | અધ્યક્ષ/સભ્ય |
|---|---|---|
| ૧ | શ્રી બ્રજેશકુમાર ઝા, આઇ.પી.એસ., પો.મહાનિરીક્ષક(વહિવટ) | અધ્યક્ષ |
| ૨ | સચિવશ્રી(ખર્ચ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર(હોદા જોગ) | સભ્ય |
| ૩ | નાયબ સચિવશ્રી(ક.ગ.)સામાન્ય વહિવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર(હોદા જોગ) | સભ્ય |
| ૪ | શ્રી જીગર પટેલ, નાયબ સચિવ(ટીસી.એન્ડ ટી.), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર | સભ્ય |
| ૫ | સુશ્રી શ્રુતિ પાઠક, મુખ્ય હિસાબી અધિકારી, ડીજીપી કચેરી | સભ્ય સચિવ |

સમિતીના ચેરમેનની અધ્યક્ષતામાં સભ્યોની પ્રથમ બેઠકનું આયોજન તા.૩૦/૧૦/૨૦૨૧ના રોજ પો.મહા.અને મુ.પો.અધિકારીશ્રીની કચેરી ખાતે કરવામાં આવેલ જેમાં સમિતીના સભ્યો/તેઓના પ્રતિનિધીઓ હાજર રહેલ. બેઠકમાં, ગુજરાત રાજયના તમામ જીલ્લા/શહેરોને કુલ ૦૫ ઝોનમાં વહેંચવામાં આવેલ તથા પોલીસ કર્મચારીઓ મુકત વાતાવરણમાં રજુઆતો કરી શકે જે હેતુસર કર્મચારીઓના પ્રતિનિધિઓની વિવિધ રજુઆતો રુબરુમાં સાંભળવા ૦૫ ઝોનમાં સમિતિના સભ્યોની હાજરીમાં બેઠકનું આયોજન કરવાનો નિર્ણય લેવામાં આવેલ. જેની વિગતો નીચે મુજબ છે.

| અનુ નં. | ઝોનનું નામ | બેઠકની તારીખ | બેઠકમાં હાજર રહેલ પોલીસ કર્મચારીઓના પ્રતિનિધીઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ગાંધીનગર વિભાગ | તા.૦૩/૧૧/૨૦૨૧ | ૪૪ |
| ૨ | અમદાવાદ વિભાગ | તા.૧૦/૧૧/૨૦૨૧ | ૪૦ |
| ૩ | સુરત વિભાગ | તા.૨૩/૧૨/૨૦૨૧ | ૩૯ |
| ૪ | વડોદરા વિભાગ | તા.૧૫/૦૩/૨૦૨૨ | ૬૩ |
| ૫ | રાજકોટ વિભાગ | તા.૧૯/૦૩/૨૦૨૨ | ૬૩ |

ઉકત ૦૫ ઝોનમાં સમિતીના તમામ સભ્યો/પ્રતિનિધીઓ હાજર રહેલ અને કોષ્ટકમાં જણાવ્યા મુજબના પોલીસ કર્મચારીઓના પ્રતિનિધીઓની મૌખીક/લેખીત રજુઆતો સાંભળવામાં આવેલ અને અધ્યક્ષસ્થાનેથી વિવિધ પ્રશ્નોતરી કરીને વિગતો મેળવવામાં આવેલ. પોલીસ

કર્મચારીઓની વિવિધ રજુઆતોનો સમિતી દ્વારા તલસ્પશી અભ્યાસ કરીને સમિતી તરફથી ભલામણ સહિતનો આખરી અહેવાલ માન.અધિક મુખ્ય સચિવશ્રી, ગુહવિભાગને તા.૩૦/૦૪/૨૦૨૨ના પત્રથી સુપ્રત કરવામાં આવેલ છે.

૨. ઉકત અહેવાલના વિવિધ પાસાઓની ચર્ચા તથા તેને આખરી ઓપ આપવા માટે માન.મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને ૦૨ બેઠકનું, માન.નાંણામંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને ૦૧ બેઠકનું, માન.ગૃહરાજયમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને ૦૮ બેઠકનું, અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ના અધ્યક્ષસ્થાને કુલ ૦૩ બેઠકનું, માન.પો.મહા.અને મુ.પો.અધિ.શ્રી,ગુ.રા.,ગાંધીનગરના અધ્યક્ષસ્થાને કુલ ૦૫ બેઠકનું આયોજન કરવામાં આવેલ. જેમાં પોલીસ કોન્સ્ટેબ્યુલરી સંવર્ગના કર્મચારીઓની ગ્રેડ પે સહિતના વિવિધ પ્રશ્નોની સઘન ચર્ચા-વિચારણા કરવામાં આવેલ.

૩. ઉકત બેઠકમાં થયેલ ગહન ચર્ચા વિચારણાનાઓના અંતે પોલીસ કર્મચારીઓ તથા પોલીસ પરીવારોની લાગણી અને માંગણીઓ પ્રત્યે સંવેદનશીલ સરકારે સંવેદના દાખવીને રાજયના હથિયારી/બિનહથિયારી(એસ.આર.પી.એફ.સહિત)ના લોકરક્ષકો, પોલીસ કોન્સ્ટેબલો, હેડ કોન્સ્ટેબલો તથા એ.એસ.આઇ.ઓને નીચે મુજબના લાભો આપવાનુ નકકી કરેલ છે.

- પોલીસ કોન્સ્ટેબલો/હેડ કોન્સ્ટેબલો/એ.એસ.આઇ.

(૧) વોશીંગ એલાઉન્સ રૂ.૨૫/-થી વધારીને રૂ.૫૦૦/- પ્રતિમાસ આપવામાં આવશે.

(૨) હાલમાં મળતુ સાયકલ એલાઉન્સ રૂ.૨૦/- પ્રતિ માસ અને સ્પેશીયલ એલાઉન્સ રૂ.૬૦/- પ્રતિ માસની જગ્યાએ પોલીસ કોન્સ્ટેબ્યુલરી સંવર્ગના કર્મચારીઓની અવિરત તેમજ નિષ્ઠાપુર્વક સેવાઓને ધ્યાને લઇ, પોલીસ કર્મચારીઓની કામગીરીમાં સતત ઉત્સાહ જળવાઇ રહે, તેઓનું નૈતિક બળ વધે તેવા શુભ આશયથી તેઓને નીચે મુજબનું પબ્લીક સીકયુરીટી ઇન્સેન્ટીવ(જાહેર સુરક્ષા પ્રોત્સાહન) આપવામાં આવશે.

| સંવર્ગ | રકમ(પ્રતિ માસ) |
|---|---|
| પોલીસ કોન્સ્ટેબલ | રૂ.૪૦૦૦/- |
| હેડ કોન્સ્ટેબલ | રૂ.૪૫૦૦/- |
| એ.એસ.આઇ. | રૂ.૫૦૦૦/- |

- લોકરક્ષકો તથા ફીકસ પગારના એ.એસ.આઇ.ઓને

(૧) હાલ આ લોકોને કોઇ વોશીંગ એલાઉન્સ આપવામાં આવતુ ન હોવાથી તેઓને પણ હવે રૂ.૫૦૦/- પ્રતિમાસ વોશીંગ એલાઉન્સ આપવામાં આવશે.

(૨) કોન્સ્ટેબલરી સ્ટાફની જેમ તેઓને પણ પબ્લીક સીકયુરીટી ઇન્સેન્ટીવ(જાહેર સુરક્ષા પ્રોત્સાહન) રૂ.૩૫૦૦/- પ્રતિ માસ આપવામાં આવશે.

(૩) બીજા અને ચોથા શનીવાર તથા રવિવાર ઉપરાંત જાહેર રજાના દિવસોએ પણ બજાવેલ ફરજો માટે રજા પગાર આપવામાં આવશે.

(૪) હાલમાં રજા પગાર પ્રતિ દિવસ રૂ.૧૫૦/- આપવામાં આવે છે જે વધારીને પ્રતિ દિવસ રૂ.૬૬૫/- માસીક પગાર સાથે આપવામાં આવશે.

આમ, કરવાથી લોકરક્ષક તથા ફીકસ પગારના એ.એસ.આઇ.ને રૂ.૯૬,૧૫૦/- પોલીસ કોન્સ્ટેબલને રૂ.૫૨,૭૪૦/- હેડ કોન્સ્ટેબલને રૂ.૫૮૭૪૦/- અને એ.એસ.આઇ.ને રૂ.૬૪,૭૪૦/-ના વાર્ષિક લાભ થશે.

ઉપરોકત કાર્યવાહી કરવાથી સરકાર દ્વારા પોલીસ પરીવારને આશરે ૫૫૦ કરોડથી વધુ વાર્ષિક ચુકવણું કરવામાં આવશે.